### જડબેસલાક સુરક્ષાને લાગી નાની-મોટી બિમારી

## સતત તણાવ હેઠળ જીંદગી જીવતા પોલીસ કર્મીઓ, સાયકોલોજી સુવિધા ઉભી કરવી હીતાવહ

### જિલ્લાના ૧૦૦૦ પોલીસ કર્મીઓમાં બિમારીનું વધેલું પ્રમાણ સતત તણાવ હેઠળ જીંદગી જીવતા પોલીસ કર્મીઓ, સાયકોલોજી સુવિધા ઉભી કરવી હીતાવહ



બાયડ, તા.૨૩

રાજ્યના અનેક વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય છે. સુરક્ષા માટે મૂકાયેલા પોલીસ કર્મીઓ ફરજ દરમ્યાન બેહોશ બની જતા હોય છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ જડબેસલાક સુરક્ષાને નાની-મોટી બિમારી લાગુ પડી છે. જિલ્લાના ૨૩૦૦ પોલીસ કર્મીઓ હોવાથી ૧૦૦૦ થી વધુ પોલીસ કર્મીઓ હૃદય રોગ, ડાયાબીટીશ, હાઈબ્લડપ્રેશર, માનસિક તણાવના રોગી બની ગયા છે. ત્યારે સતત તણાવ હેઠળ જીંદગી જીવતા પોલીસ કર્મીઓમાં અનિંદ્રાનો રોગ લાગુ પડ્યો છે. ત્યારે રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ દ્વારા સાયકોલોજી સુવિધા ઉભી કરવામાં આવે તો પોલીસ માટે મનોબળ વધારનારૂ ટોનિક બની શકે છે. દર વર્ષે રાજ્યના પોલીસ અધિકારીઓને તેમની વિરતા બદલ પોલીસ મેડલ આપી સન્માનિત કરાયા છે. એક સમય એવો હતો કે પોલીસ અધિકારી-પોલીસ કર્મીનું શરીર કસાયેલું હોય, ભાગતા ચોરને પકડવો હોય તો દોટ મૂકી પકડવો પડે પરંતુ સમય બદલાતાં દરેક રીતે અને દરેક ક્ષેત્રમાં એસઆરામીનો પગપેસારો થઈ ગયો છે. પોલીસ અધિકારીઓ, એ.એસ.આઈ., હેડકોન્સ્ટેબલ તેમના હાથ નીચેના કર્મીઓને નાના-મોટા કામ માટે ઓર્ડર કરતા થઈ જતાં બેઠારૂ જીવનના કારણે જિલ્લાના ૨૩૦૦ પોલીસ કર્મીઓમાંથી ૬૦૦ થી વધુ કર્મીઓ દુંદાળા(ફોદવાળા) થઈ ગયા છે. પરેડ દરમ્યાન પણ અનેક પોલીસ કર્મીઓ હાંફી જતા હોય છે. ત્યારે પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત પોલીસ કર્મીઓની આરોગ્ય ચકાસણી થતી હોય છે પરંતુ તેમની ફીજીકલ ફીટનેશ કાયમી જળવાઈ રહે તે માટે હવે નવા આયામો વિચારવાનો સમય પાકી ગયો છે. આવનારા દિવસોમાં ખડતલ શરીર હશે તો જ ગુનેગારો પોલીસથી ડરશે અન્યથા અત્યારે પોલીસની શારીરિક નિષ્ક્રીયતાનો ચેઈનસ્નેચરો સાબરકાંઠા, અરવલ્લીમાં ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે. પોલીસ વડાઓ દ્વારા પણ દર મહિને ફીટનેશ સ્પર્ધા યોજી સ્પર્ધા ઉભી કરવામાં આવે તો અનેક પોલીસ કર્મીઓનું આરોગ્ય બિમારીમાંથી બહાર આવી શકે છે.

### નગરપાલિકા કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યાં

## પ્રાંતિજ ખાતે સુભાષ ચંદ્ર બોજ ની ૧૨૫ મી જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી

### સુભાષ ચંદ્ર બોજ ની પ્રતિમા ને ફુલહાર પહેરાવી અમર રહો ના સૂત્રોચ્ચાર કર્યા



પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સુભાષ ચંદ્ર બોજની ૧૨૫ મી જન્મ જયંતિ ની ઉજવણી નગરપાલિકા કોર્પોરેટર તથા ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા કરવામાં આવી પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ સુભાષ ચંદ્ર બોજ ની પ્રતિમાને તેમણી ૧૨૫ મી જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાની સફાઇ કરાવી પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા સુભાષચંદ્ર બોજની તેમણી પ્રતિમાને પુષ્પોની માળા પહેરાવી ને જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ , ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, અમરીશ ભાઈ સોની, મહેશભાઈ, પંકજ ભાઈ મોદી, મુકેશભાઈ, જી.એસ પટેલ સહિત પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં

### રાત્રે હાડ થીજવતી ઠંડીનો અનુભવ

## જિલ્લામાં ડબલ ઋતુથી માંદગીનું પ્રમાણ વધવાની દહેશત રાત્રે ઠંડી, દિવસે ગરમીથી પ્રજા પરેશાન



બાયડ, તા.૨૩

ઉત્તરાયણ પછી ઠંડીનું જોર ક્રમશઃ ઘટ્યું હતું પરંતુ જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી રાત્રે હાડ થીજવતી ઠંડી અને દિવસે પંખા ચાલુ કરવા પડે તેવી ગરમી અનુભવાતાં ડબલ ઋતુના કારણે માંદગીનું પ્રમાણ વધે તેવી દહેશત ઉભી થઈ છે. એકાએક મોસમે કરવટ બદલતાં ઘઉં પકવતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી ભરશિયાળે ગરમી તો ક્યારેક કમોસમી માવઠાંએ ખેડૂતોની મહેનત ઉપર પાણી ફેરવી નાખ્યા જેવી સ્થિતિ ભૂતકાળમાં કરી હતી. જિલ્લામાં તા.૧૪ જાન્યુઆરી પછી ઠંડીનું જોર ઘટ્યું હતું અને દિવસે ઉનાળા જેવી ગરમી અનુભવાતાં રવી ખેતી ઉપર સંકટ ઉભું થયું હતું પરંતુ પાછલા ૩ દિવસથી રાત્રિથી માંડી પરોઢ સુધી હાડ થીજવતી ઠંડીનો ચમકારો અનુભવાય છે. સતત રાત્રે ઠંડીનું જોર વધુ અને દિવસે તાપમાનનો પારો ઉંચકાતો હોવાથી મિશ્ર ઋતુનો પ્રજા અનુભવ કરી રહી છે. મિશ્ર ઋતુના કારણે બાળકો વાયરલ ઈન્ફેક્શનના સકંજામાં આવી ગયા છે.

### નાનકડા એવા તારાપુરમાં રોકડની અછત સર્જાઈ

આણંદ, તા.૨૩

આજે આણંદના તારાપુરની તમામ બેંકોનાં એટીએમ કેશલેસ બન્યા છે. રોકડ ન હોવાથી બેંકોનાં એટી એમ બંધ રાખવામાં આવ્યા છે. રોકડ વિના ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તારાપુરમાં આવેલી મોટાભાગની ખાનગી તેમજ સરકારી બેંકોનાં એટીએમમાં રોકડનાં અભાવે બે દિવસથી બંધ જોવા મળ્યા હતા. ઘણી બેંકોનાં એટીએમનાં શટરો ખૂલ્યાં જ નથી અને બાકીના બેંકોના એટીએમ ખૂલ્યા છે, પણ તેમાં રોકડ ન હોવાથી નાગરિકો પોતાના રૂપિયા પણ ઉપાડી શક્તા નથી. રૂપિયાના અછતને પગલે નાણાં ન મળતાં હોવાની બૂમો ઉઠી છે. ગ્રાહકોની સુવિધા માટે બેંકો દ્વારા મોટા ઉપાડે શરૂ કરવામાં આવેલા એટીએમ મશીનોમાં શનિ અને રવિવાર બંને દિવસો દરિમયાન રજા હોવા છતાં રોકડ મૂકવામાં ન આવતા તારાપુર શહેરનાં એટીએમ શોભાનાં ગાંઠિયા સમાન બન્યા છે.

### જિલ્લામાં અધિકારીઓના ટ્વિટરને નબળો પ્રતિસાદ

## ડીઝીટલ ઈન્ડીયા પ્રત્યે લોકજાગૃતિનો અભાવ

બાયડ, તા.૨૩

કેન્દ્ર સરકારે ડીઝીટલ ઈન્ડીયા યોજના થકી ડીઝીટલાઈઝેશન ઉપર ભાર મુક્તાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વહીવટી તંત્રના તમામ ઉચ્ચ અધિકારીઓના ૩ વર્ષ અગાઉ ટ્વિટર હેન્ડલ તૈયાર કરવામાં આવ્યાં હતાં. અરજદારો પોતાના પ્રશ્નો અધિકારીઓ સમક્ષ સીધા મૂકી શકે તેવા આશયે ટ્વિટર શરૂ કરાયા છે પરંતુ ડીઝીટલ ઈન્ડીયા પ્રત્યે ખુદ પ્રજામાં નિરસતા જોવા મળી રહી છે. ગણ્યા ગાંઠ્યા અરજદારોએ જ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પાણી, રસ્તા સહિતની રજૂઆતો કર્યાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં કલેક્ટર, નાયબ કલેક્ટર, મામલતદાર, ડી.ડી.ઓ. સહિતના ઉચ્ચ અધિકારીઓનાં તાત્કાલિક ટ્વિટર



એકાઉન્ટ શરૂ કરવા અગાઉ રાજ્ય સરકારે આદેશ કરતાં ઉચ્ચ અધિકારીઓનાં ટ્વિટર હેન્ડલ કર્યાં હતાં. કેન્દ્ર સરકાર ખુદ ડીઝીટલ ઈન્ડીયાને આગળ ધપાવતી હોવાથી બંન્ને જિલ્લાના કલેક્ટર તેમજ ડી.ડી.ઓ.ના ટ્વિટર એકાઉન્ટ શરૂ કરવામાં આવ્યાં હતાં. શરૂઆતમાં ટ્વિટરને સારો પ્રતિસાદ મળશે તેમ માનવામાં આવતું હતું પરંતુ ખુદ અરજદારો જ ટ્વિટરથી દૂર રહ્યા છે. મોબાઈલમાં ટ્વિટર ઉપર પોતાનો પ્રશ્ન રજૂ કરવો સરળ હોવા છતાં અરજદારો અધિકારીઓના સીધા સંપર્કમાં આવતા જ નથી. જ્યારે ગણ્યા ગાંઠ્યા અરજદારોએ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કરે છે પરંતુ વિગત ગુંચવાળા ભરી જણાતાં છેવટે તો દસ્તાવેજો સાથે જ અરજદારે અધિકારી સમક્ષ હાજર રહેવું પડતું હોય છે. જિલ્લામાં ડીઝીટલ ઈન્ડીયાની નેમ સાથે ટ્વિટર શરૂ કરવામાં આવતાં ખાસ કરીને આવતાં યુવા વર્ગ તેને વધુ સારો પ્રતિસાદ આપશે તેમ ખુદ ઉચ્ચ અધિકારીઓ માનતા હતા પરંતુ યુવાનો પણ અધિકારીઓના સીધા સંપર્કમાં આવવાનું ટાળી રહ્યા છે. અત્યાર સુધી ટ્વિટર ઉપર માત્ર રસ્તા, ગંદકી અને પાણી સહિતની રજૂઆતો થતાં અધિકારીઓએ જે તે વિભાગને તેની જાણ કરી જૂજ પ્રશ્નોનું નિરાકરણ કર્યાનું જાણવા મળ્યું છે. ટૂંકમાં બંન્ને જિલ્લામાં ટ્વિટર ફ્લોપ સાબિત થયું છે.

## અનેક વિસ્તારોમાં કમોસમી ફોરાં વરસ્યાં, લગનના અવસાર ઉપર ક્ષણિક સંકટ

બાયડ, તા.૨૩

જિલ્લામાં છેલ્લા બે દિવસથી હવામાન પલ્ટો આવ્યો છે. ગત રાત્રે અનેક વિસ્તારોમાં કમોસમી ફોરાં વરસતાં લગ્નના અવસર ઉપર ક્ષણિક સંકટ ઉભું થયું હતું. પરંતુ કમોસમી માવઠું વરસ્યું ન હતું જેના કારણે રાત્રિનાં લગ્નો શાંતિપૂર્વક સંપન્ન થયા છે. સતત બીજા દિવસે જિલ્લામાં વાદળછાયા વાતાવરણના કારણે જીરૂ, વરીયાળી સહિતના પાકમાં ફુગજન્ય રોગચાળો વકરવાની દહેશત ઉભી થઈ છે. જિલ્લા ખેતીવાડી વિભાગે પણ ફુગનાશક દવાઓનો છંટકાવ કરવા ખેડૂતોને માર્ગદર્શન આપ્યું છે. જગતના તાત ઉપર ક્યારેક સરકાર નારાજ થાય છે તો ક્યારેક કુદરતની નારાજગી હવામાન પલ્ટાવના રૂપમાં જોવા મળે છે. શનિવાર સવારથી એકાએક હવામાન પલ્ટાવ આવ્યો અને બપોર બાદ કાળાં ડીબાંગ વાદળોએ આકાશમાં જમાવટ કરતાં શિયાળુ ખેતી તેમજ લગ્નના અવસર ઉપર સંકટ મંડરાયું હતું. કેટલાક



વિસ્તારોમાં રાત્રિ દરમ્યાન કમોસમી ફોરાં વરસ્યાં પરંતુ ખેતી તેમજ લગ્નના અવસરમાં ક્યાંય નુક્સાન કારક સાબિત થયા નથી. મંગળવારે પણ ચોમાસુ જામ્યું હોય તે રીતે કાળાં ડીબાંગ વાદળોની જમાવટ જોવા મળી. ઠંડીનું જોર વધ્યું પરંતુ સતત વાદળછાયું વાતાવરણ રહે તો જીરૂ, વરીયાળીના પાકમાં ફુગજન્ય રોગચાળો વકરવાની દહેશત છે. સાબરકાંઠા જિલ્લા ખેતી અધિકારી વી.કે.પટેલ, અરવલ્લી જિલ્લા ખેતી અધિકારી જે.આર.પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે વાદળછાયું વાતાવરણ હોય ત્યારે ફુગજન્ય રોગચાળો વકરતો હોય છે અને તે માટે ખેડૂતોને મેનકોજેબ પ્લસ, કાર્બન ડેઝીમ દવાનો છંટકાવ કરવા સૂચના આપવામાં આવી છે. વાદળછાયા વાતાવરણના કારણે મોલોમસીનો ઉપદ્રવ વધવાની પણ દહેશત વ્યક્ત કરવામાં આવી છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારમાં ફરીથી ટ્રાફીક સમસ્યા વકરી

બાયડ, તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જાન્યુઆરી મહિનાના અંતમાં શહેરી વિસ્તારમાં ટ્રાફીક સમસ્યાના હલને દૂર કરવા શહેરી વિસ્તારોમાં સવાર-સાંજ ટ્રાફીક ડ્રાઈવ શરૂ કરવાનું પોલિસ ભૂલી ગઈ છે. લગ્નસરાના અવસરના કારણે ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ૬ મહિનાથી જિલ્લા પોલીસ ટ્રાફીક ડ્રાઈવને ભૂલી ગઈ છે અને ઠંડીમાં પોલીસ પણ ટાઢીબોળ બની જતાં શહેરી વિસ્તારોમાં ઠેર ઠેર ટ્રાફીક સમસ્યાએ વેપારીઓ અને પ્રજાને નાકે દમ લાવી દીધો છે. ટ્રાફીક પોલીસ માત્ર શોભાના ગાંઠીયારૂપ કામગીરી કરતા હોવાના ફરી આક્ષેપ શરૂ થયા છે. જિલ્લામાં પોલીસની રહેમ નજર હેઠળ ખાનગી વાહનોમાં ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરી દોડાવવામાં આવી રહ્યાં છે. દર ૨-૩ મહિને યોજાતી જિલ્લાની ટ્રાફીક સલાહકાર સમિતિની બેઠક પણ માત્ર તમાશારૂપ બની ગઈ છે. કારણ કે આવતાં સૂચનોનો માત્ર કાગળ ઉપર અમલ થઈ રહ્યો છે. થોડાક સમય અગાઉ ટ્રાફીક સમસ્યા નિવારવા માટે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડામાં સવાર-સાંજ ટ્રાફીક ડ્રાઈવ કરી અડચણરૂપ પાર્કીંગ કરેલાં વાહનો ડીટેઈન કરવામાં આવતાં હતાં પરંતુ પોલીસ ઉપર કોઈનું દબાણ આવ્યું હોય કે પછી ખિસ્સા ખર્ચી ખૂટી હોય તે રીતે હવે ટ્રાફીક ડ્રાઈવ ભૂતકાળ બની ગઈ છે. લગ્નસરાની સીઝનમાં જિલ્લાના મુખ્ય મથક ઉપરાંત શહેરી વિસ્તારમાં દરરોજના હજારો ગ્રાહકો ખરીદી માટે આવતા હોય છે. પરંતુ ટ્રાફીકની મર્યાદાનો ભંગ કરી વાહનો મુખ્ય માર્ગ ઉપર તેમજ ફૂટપાથ ઉપર ઉભાં રહેવાના કારણે વાહનોની મોટી કતારો લાગી રહી છે. જેના કારણે ટ્રાફીક સમસ્યા દિનપ્રતિદિન વકરી રહી છે. ટ્રાફીક સમસ્યા હલ કરવા માટે ટી.આર.બી. જવાનોની નિયુક્તિ કરવામાં આવી છે પરંતુ બપોર થી સમી સાંજ સુધી તે મિ.ઈન્ડીયાની જેમ અદ્રશ્ય થઈ જતાં જિલ્લા પોલીસ તંત્રમાં સારા વહીવટ જેવું કંઈ હવે દેખાતું નથી.

### ઉનાળાપૂર્વે સળગતો સવાલ

## અરવલ્લીમાં ઘાસચારાના ઓછા વાવેતરથી ઉનાળામાં અછતનાં એંધાણ

બાયડ, તા.૨૩

અરવલ્લી જિલ્લામાં રવી સીઝનની ખેતીમાં ઘાસચારાનું ઓછું વાવેતર થતાં આગામી ઉનાળામાં અછતનાં એંધાણ જણાઈ રહ્યાં છે. જિલ્લામાં ઓણસાલ ઓછો વરસાદ થતાં માત્ર ૯૦૪૪ હેક્ટર જમીનમાં ઘાસચારાનું વાવેતર થતાં ઉનાળા પૂર્વે સળગતો સવાલ પશુપાલકોને સતાવી રહ્યો છે. ગત વર્ષે ઉનાળામાં પણ ઘાસચારાની અછત ઉભી થતાં પશુપાલકોને અન્ય જિલ્લામાંથી ઉંચા ભાવે ઘાસચારો ખરીદવાની નોબત આવી હતી. આ વર્ષે રવી સીઝનની ખેતીમાં ખેડૂતોએ વિવિધ ધાન્ય પાકોનું વાવેતર કર્યું છે. અનુકુળ ઠંડીનો માહોલ જળવાયેલો રહેતાં પાક ઉત્પાદન બમણું થવાની ધારણા છે પરંતુ જિલ્લામાં આ વર્ષે ઘાસચારાનું નહીંવત વાવેતર જોવા મળ્યું. જેના



કારણે ઉનાળાની સીઝનમાં પશુપાલકોને સૂકો ઘાસચારો ખરીદવા માટે રજળપાટ કરવી પડે તેવી તાસિર ઉભરીને બહાર આવી છે. અરવલ્લીમાં ૫૫૬૫ હેક્ટર જમીનમાં જ મૂંગા પશુઓ માટે ઘાસચારાનું વાવેતર થયું છે જેથી ઉનાળામાં અછત ઉભી થવાની દહેશત છે. જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય રોજ વિકસતો જાય છે અને લાખો પશુઓની સંખ્યા સામે ઘાસચારાનું નહીંવત વાવેતર થયું હોવાથી પશુપાલકોએ અત્યારથી જ અન્ય જિલ્લામાંથી સુકું ઘાસ ખરીદવાની તૈયારી શરૂ કરી છે. જિલ્લામાં ગત વર્ષે પણ સૂકા ઘાસચારાની અછત ઉભી થતાં અન્ય જિલ્લામાંથી ઘાસ ખરીદવાની પશુપાલકોને ફરજ પડી હતી. જ્યારે રવી સીઝનમાં અનુકુળ હવામાન અને સિંચાઈના પાણીની સગવડ છતાં મોટાભાગના ખેડૂતોએ રોકડીયા પાક તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે જેમાં ગણ્યા ગાંઠ્યા ખેડૂતોએ જ ઘાસચારાનું વાવેતર કર્યાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે.

## અલવા ગામના ઝેરી કેમિકલ ડમ્પીંગ સાઈટમાં ભ્રષ્ટ અધિકારીઓ કાચુ કાપશે તો PM સુધી ફરીયાદ થશે

બાયડ, તા.૨૩

બાયડ તાલુકાના અલવા ગામના સીમાડામાં સૂચિત ઝેરી કેમિકલ ડમ્પીંગ સાઈટ ઉભી કરવા મુદ્દે પ્રચંડ વિરોધ શરૂ થયા પછી આખાય મામલામાં લોક આક્રોશ ઠારવા મેનેજ કરવાની ખંધી નીતિ અખત્યાર થઈ છે ત્યારે ભ્રષ્ટ અધિકારીઓ અને આંદોલનમાં જોડાયેલા કેટલાંક લાલચુઓ દ્વારા કંઈપણ કાચુ કપાશે તો આ વિસ્તારના સંભવિત અસરગ્રસ્ત ખેડૂતો વડાપ્રધાન સુધી ફરીયાદ કરશે તેમ જાણવા મળ્યું છે. ગુજરાત પોલ્યુશન બોર્ડના જિલ્લાના અધિકારીઓ અને બાયડના અધિકારી સાથે કોઈ વચોટીયાઓએ મુલાકાત કરી હતી કે કેમ તે બાબતે પણ નિષ્પક્ષ તપાસ થાય તો કોઈપણ ભોગે અલવા ગામમાં ઝેરી કેમિકલ ડમ્પીંગ સાઈટ ઉભી કરવાનો તખતો ઘડાયાની લોકચર્ચા સાચી ઠરી શકે છે.

બાયડ તાલુકામાં અનેક અધિકારીઓએ ભ્રષ્ટ્રાચારમાં માઝા મૂકી છે તપાસના નામે માત્ર ને માત્ર પોતાના અર્થિક લાભ માટે જ નિયુક્ત થયા હોય તેવી કામગીરી કરે છે અને બહાર એકબીજાને બાખડતાં લોકસેવકો અને અધિકારીઓ અંદરો-અંદર ભાગબટાઈના ખેલમાં ભાગીદાર હોવાની આશંકા અસ્થાને નથી. અલવા ગામના સીમાડામાં ડમ્પીંગ સાઈટ મુદ્દે સ્થાનિક ખેડૂતોએ પોતાનો વિરોધ લાંબા સમયથી પ્રદર્શિત કરતા આવયા છે.

પરંતુ તેમની સાચી રજુઆતો અભરાઈ ઉપર ચડાવી હોય તેમ તેમની ફરીયાદ સંદર્ભે યોગ્ય રીતે સાંભળવાના બદલે આખેઆખું તંત્ર ડમ્પીંગ સાઈટ ઉભી કરનારા વેપારીઓના ખોડામાં બેસી ગઈ હોય તેવી સ્થિતિ આવી પડતાં હવે વાત્રક નદી અને આ વિસ્તારની જમીનને ઝેરી કેમિકલથી બચાવવા સ્વયંભૂ લોક અભિયાન શરૂ થતાં ખેડુતોને હવે ન્યાય મળશે તેવી આશા જન્મી પરંતુ જેમની છબી ખરડાયેલી છે તેવા લોકો આ આંદોલનમાં ઝંપલાવ્યા પછી પોતાના આર્થિક હિત જોતાં હોવાનું છેલ્લા ૪ દિવસથી સંભળાઈ રહ્યું છે. તેમની નિષ્ઠા સારી હોય તો આવકારદાયક છે

પરંતુ દાનત ખોરી હશે તો ગંભીર પરીણામો જાહેર જીવનમાં ભોગવવા પડશે. જે રીતે તા.૨૮ જાન્યુઆરી નજીક આવી રહી છે તે રીતે આંદોલન વેગ પકડવું જોઈએ તેના બદલે આંદોલન ટાઢું બોળ થતું હોય તેવી ગંધ આવી રહી છે.

આ વિસ્તારના ખેડૂતોએ બહારના કોઈપણ લોકો ઉપર આંધળો વિશ્વાસ રાખ્યા વગર પોતાની જમીનો અને પાણીને દૂષિત થતું અટકાવવા સ્વયં લડાઈ લડવા માટે તૈયાર રહેવું પડશે. ઝેરી કેમિકલ ડમ્પીંગ સાઈટ ઉભી કરવામાં અનેક સરકારી બાબુઓને રસ પડ્યો છે.

કારણ કે તેમાં મોટાપાયે ભ્રષ્ટ્રાચાર આદરાયો હોય તેવી આશંકા મજબૂત છે. જ્યારે ગુજરાત પોલ્યુશન બોર્ડે છેલ્લા ૩ વર્ષથી ડમ્પીંગ સાઈટનો ખેડૂતો વિરોધ કરી રહ્યા છે છતાં શા માટે લોક સુનાવણીનું આયોજન કર્યું? આવું આયોજન કરતા અગાઉ સ્થાનિક ખેડુતોને કેમ વિશ્વાસમાં ન લેવાયા ? તેવા અનેક સવાલો ફૂંફાળા મારી રહ્યા છે.

### મંજૂરી આપવામાં આવશે તો ખેડૂતો જનઆંદોલન કરશે

બાયડ, તા.૨૩

આ વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું કે ખેડૂતોના હિતોની પરવાહ કર્યા વગર પોલ્યુશન બોર્ડ વિવાદિત બનતી કેમિકલ ડમ્પીંગ સાઈટને મંજૂરી આપશે તો આ વિસ્તારના ખેડૂતો જલદ્ આંદોલન કરશે અને આ આંદોલન ભાજપ સરકાર માટે મુશ્કેલી ઉભી કરશે તેવું પણ કેટલાંક ખેડુતોએ ઉગ્રતા સાથે જણાવ્યું છે. ડમ્પીંગ સાઈટ મુદ્દે ખેડૂતો ૩ વર્ષથી આંદોલન કરી રહ્યા છે. છતાં કહેવાતા એકપણ ખેડૂત આગેવાનોએ ખુલ્લેઆમ આવી ડમ્પીંગ સાઈટનો વિરોધ કર્યો નથી તે કમનસીબ બાબત હોવાનું કેટલાંક ખેડૂતોએ જણાવ્યું છે.